ISSN : 2277- 4262
SJIF : 4.081
INTERNATIONAL MULTIDISCIPLINARY E-JOURNAL
An International Peer Reviewed, Refereed Journal

# આયુર્વેદમાં હેલ્થ ડૉકટર તુલસીનો મોર્ડનગુણ

**Dr.Kalpana B.Ganvit**
Dept. of Gujarati
G.D.Modi college of Arts,Palanpur(Gujarat)

---

આયુર્વેદમાં એ ઉચ્ચકોટિનું સંપૂર્ણ શાસ્ત્રીય વિજ્ઞાન છે. આયુર્વેદ વિજ્ઞાન કાય, બાલ, ગ્રહ, શાલકય, શલ્ય, વિષ, રસાયણ અને વાજીકરણ એમ આઠ વિભાગમાં વહેંચાયેલુ એક સંપૂર્ણ શાસ્ત્ર છે. વળી આયુર્વેદ સૂર્યનો તાપ અને ચંદ્રની શીતળતા ઝીલનાર વનસ્પતિ ઔષધીને જ સર્વ શ્રેષ્ઠ ઔષધી માનેલ છે.

આપણા આયુર્વેદ શાસ્ત્રના પ્રણેતાઓ કુદરતના સાનિધ્યમાં, એકાંત વનોમાં રહેતા અને પરોપકારી જીવન જીવતા હતા. આથી જ તેમણે આયુર્વેદમાં અને અન્ય શાસ્ત્રોમાં વનસ્પતિઓને ખૂબ જ મહત્ત્વ આપેલું છે. લોક સેવાનો દૃષ્ટિકોણ ધરાવનારાએ પ્રાચીન મહર્ષિઓએ આસપાસમાંથી મળી આળતી ઢગલાબંધ વનસ્પતિઓને ઔષધીઓ તરીકે પ્રયોજી છે. તેમણે પોતાની આસપાસ સરળતાથી મળી આવનારી વનસ્પતિઓના આ મહત્ત્વના ગુણો શોધી કાઢ્યા હતા. ઉષ્ણવીર્ય, શીતવીર્ય, લઘુ, ગુરુ, સ્નિગ્ધ, રુક્ષ, તીક્ષ્ણ, ઉષ્ણ, શીતળ, પાચન, દીપન, શમન, અનુલોમન, ભેદન, ગ્રાહી, છેદન, લેખન, વાજીકરણ, શુક્લ, ચૈતન્યકારી, રસાયણ, માદક ઈત્યાદિ ગુણો છે. એમાં ખાટા, ખારા, કડવા, તૂરા, તીખા અને મધૂર એ છ રસો પૈકી ક્યા કયા રસો કઈ કઈ વનસ્પતિઓમાં છે તે પણ તેમણે શોધી કાઢ્યું હતું. ક્યા રોગ પર કઈ વનસ્પતિ ફાયદાકારક છે, કંઈ વનસ્પતિ ક્યા રોગનો નાશક છે. ઈત્યાદિનું પણ પદ્ધતિસરનું સૂક્ષ્મજ્ઞાન તેમણે સંપાદન કર્યું હતું.

ગામડાનાં પાદરમાં, ગામડાંના ખરાબામાં કે ગામડાંના ખેતરોમાં અસંખ્ય વનસ્પતિઓનું આપણને દર્શન થાય છે. તે વનસ્પતિઓ પૈકીની કેટલીક તો ખુબજ ગુણકારી અને શ્રેષ્ઠ ઔષધની ગરજ સારે તેવી હોય છે. અહીં આપણે એમાંની એક વનસ્પતિ- 'આયુર્વેદમાં હેલ્પ ડૉકટર તુલસીના મોર્ડન ગુણ' અને રોગો મટાડવામાં રામબાણ જડીબુટ્ટી તરીકે ઉપયોગ ધરાવતી અતિ સૂક્ષ્મ માહિતી વિશે જોઈશું.'